# @ BEST OUT OF WASTE COMPETITION REPORT @

કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા માં તા. **27/09/2024** ને શુક્રવાર ના રોજ "BEST OUT OF WASTE" સહ અભ્યાસિક પ્રવૃત્તિનું સુંદર આયોજન શાળાની શિક્ષિકા શ્રીમતિ સંગીતાબેન પારગીના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું.જેમાં કુલ- **(19)** વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ વેસ્ટ સાધન સામગ્રીનો ઉપયોગ કરીને આકર્ષક ચીજવસ્તુઓ જેવી કે ફૂલદાની,વોલપીસ,ઝુમ્મર,સમયદર્શક યંત્ર,ગુલદસ્તો,બાસ્કેટ,પેન બોક્સ બનાવીને પોતાનામાં રહેલા સર્જનાત્મક કૌશલ્યને ખીલવવાનો એક સુંદર પ્રયાસ કર્યો હતો. તમામ રચનાત્મક રીતે બનાવેલ વસ્તુઓ ખુબજ પ્રશંસાને પાત્ર બની હતી.

શાળામાં રહેલ બિનઉપયોગી વસ્તુનો ઉપયોગ કરીને નવીન અને સુંદર ચીજવસ્તુઓ બનાવી રચનાત્મક ક્રિયાનો સ્વયં વિકાસ કરી શકે,તેમજ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે અમારી શાળામાં આવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવતું હોય છે. ત્રણ ઉત્કૃષ્ટ કૃતિઓને નંબર પણ આપવામાં આવ્યા હતા, જેનું પરિણામ નીચે મુજબ છે.

- પ્રથમ :- મછાર મહેન્દ્ર પ્રતાપભાઈ **(9-અ)**
- દ્વિતીય :- બારીઆ પ્રગ્નેશ જેશિંગભાઈ **(9-અ)**
- તૃતીય :- બારીઆ વિશ્વા હરીશભાઈ **(10-બ)**

તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી હિતેશકુમાર વાય.પટેલ, શાળા મંડળના પ્રમુખ શ્રી મૌલિક કે પટેલ તેમજ સમગ્ર **OKC SANKUL** પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.


OKC Sankul
1st
First
2nd
Second
3rd
Third
કિસાન માધ્યમિક વિદ્યાલય
BEST OUT OF WASTE
COMPETITION PHOTOS




OKC Sankul
Shaping up the Career
વેસ્ટમાંથી
બેસ્ટ
સ્પર્ધા
માધ્યમિક વિભાગ
ઓ.કે.સી.સંકુલ
કિસાન માધ્યમિક વિદ્યાલય
OKC Sankul
લુણાવાડા










OKC SANKUL



